# વિભાગીય અહેવાલ

## ગુજરાતી વિભાગ

### ગુજરાતી વિભાગનું ધ્યેય :

સમર્પણ કૉલેજના સ્થાપનાકાળ ઈ.સ. ૧૯૯૬થી ગુજરાતી ભાષા-સાહિત્યને મુખ્ય તેમજ ગૌણ વિષય તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. કૉલેજમાં ગુજરાતી વિભાગની સ્થાપનાનો હેતુ માતૃભાષાના જતન અને સંવર્ધન તેમજ સાહિત્યના શિક્ષણ થકી વિદ્યાર્થીમાં રહેલી સર્જનાત્મકશક્તિ, કલ્પનાશક્તિ, વિચારશક્તિ અને સંવેદનશક્તિને ખીલવી વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક, સામાજિક અને સાહિત્યિક પ્રશ્નો સંદર્ભે બૌદ્ધિક અભિગમ કેળવી જાગૃત બને તથા પોતાનાં રસરુચિને પારખી જીવનનિર્વાહ તેમજ રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી સંદર્ભે વિશિષ્ટ કૌશલ્યથી સજ્જ થઈ કર્મશીલ બને તે રહી છે.

### ગુજરાતી વિભાગની સફર :

આ ધ્યેયને સિદ્ધ કરવા ગુજરાતી વિભાગને આરંભથી જ સર્જનાત્મક શક્તિને વરેલા અધ્યાપકો પ્રાપ્ત થતાં રહ્યાં છે. આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ સોલંકીસાહેબ તેમજ અધ્યાપકશ્રીઓ ડૉ. નરેશ શુક્લ, પ્રા. નિસર્ગ આહીર, ડૉ. તન્વી શુક્લ, ડૉ. દીપક ભટ્ટ, ડૉ. ભાવેશ જેઠવા, પ્રા. રેખા ગોદાણી, પ્રા. મહેન્દ્ર પરમાર, ડૉ. સ્વપ્નિલ મહેતા, પ્રા. અજિત મકવાણા અને પ્રા. દર્શન પુરાણી જેવા વિદ્વાન અધ્યાપકોની અધ્યાપકીય સજ્જતાનો લાભ પણ વિભાગના વિદ્યાર્થીઓને મળ્યો છે. ગુજરાતી વિભાગના વર્તમાન અધ્યાપકશ્રીઓ ડૉ. દીપક પંડ્યા અને ડૉ. સમીર ભટ્ટના ‘અધીત’નો લાભ વિભાગના વર્તમાન વિદ્યાર્થીઓને મળી રહ્યો છે. આ દૃષ્ટિએ જોતાં વિભાગમાં તેજસ્વી, પ્રજ્ઞાવાન અને કર્મશીલ અધ્યાપકોની પરંપરા સાતત્યપૂર્વક વિકસતી આવી છે તે વિભાગનું સૌથી સબળ પાસું છે.

અધ્યયન-અધ્યાપનની શિસ્તને વરેલા આવા અધ્યાપકોના માર્ગદર્શનને કારણે ગુજરાતી વિભાગના ત્રણ વિદ્યાર્થીઓ, વિશાલ પરમાર (૨૦૦૭), અભિષેક દરજી (૨૦૦૮) અને હેતલ પરમાર (૨૦૧૦) ગુજરાત યુનિવર્સિટી કક્ષાએ ગુજરાતી વિષયમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી સુવર્ણચંદ્રક વિજેતા થયા છે તે ગુજરાતી વિભાગ તેમજ સમર્પણ કૉલેજનું ગૌરવ છે.

આપણી માતૃભાષા ગુજરાતીમાં સર્જાયેલા સમૃદ્ધ સાહિત્યનું અધ્યયન, અધ્યાપન, સંશોધન અને સંપાદન કરવું એ આ વિભાગની વિશેષ જવાબદારી છે. કૉલેજમાં સાહિત્યિક અને સાંસ્કૃતિક માનવમૂલ્યોથી સભર વાયુમંડળ બની રહે તે માટે ગુજરાતી વિભાગના અધ્યાપકો રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાના પરિસંવાદો, આંતરકૉલેજ વ્યાખ્યાનમાળા, આંતર વિભાગીય વ્યાખ્યાનમાળા તેમજ વિદ્યાર્થી સજ્જતા શિબિર જેવાં આયોજનો સાતત્યપૂર્વક કરતા રહે છે.

ગુજરાતી વિભાગના અધ્યાપકો વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહિત કરતા રહી તેઓને કાર્યશીલ બનાવવા સંદર્ભે તેમની પાસે હેતુલક્ષી અને વર્ણનાત્મક પ્રશ્નોના ઉત્તરો તૈયાર કરાવે છે. ઉપરાંત વિભાગીય ક્વિઝ, સમૂહચર્ચા, ભીંતપત્રલેખન, નિબંધલેખન, વક્તૃત્વતાલીમ તેમજ ‘સપ્તધારા’ અંતર્ગત વિવિધ કલાકૌશલ્યોને વિકસાવવા સતત માર્ગદર્શન આપતા રહે છે. સાથે સાથે કારકિર્દી માર્ગદર્શન શિબિર, સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન શિબિર તથા સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના નબળા વિદ્યાર્થીઓ માટે વિશેષ અભ્યાસવર્ગોનું આયોજન કરે છે. વળી વિવિધ શૈક્ષણિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક સંસ્થાઓની મુલાકાત, કૉલેજ કેમ્પસ સફાઈ, વૃક્ષારોપણ અને તેનું જતન-સંવર્ધન, યોગ અને ધ્યાનની તાલીમ, આરોગ્ય જાળવણી તેમજ સ્વયંશિસ્તની કેળવણી સંદર્ભે વિદ્યાર્થીઓને સાતત્યપૂર્ણ સજ્જ કરતાં રહે છે.

ગુજરાતી વિભાગ આગામી વર્ષોમાં મહત્ત્વના પ્રકલ્પો હાથ ધરવામાં સંકલ્પબદ્ધ છે. તેમાં ખાસ કરીને ગુજરાતી ભાષા-સાહિત્યના અનુસ્નાતક કેન્દ્રનો આરંભ, ગુજરાતી ‘Language Lab’નો આરંભ, ગુજરાતી ‘E-magazine’નો આરંભ, ‘Minor Research Project’ હાથ ધરવો, પ્રતિબદ્ધ સાહિત્યકારો સાથે પ્રશ્નોત્તરીની ડોક્યુમેન્ટરી તેમજ સર્જનાત્મક ભાષાલેખન, વિવેચનાત્મક ભાષાલેખન અને વ્યવહારભાષાલેખન શિબિરના વિશેષ આયોજનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.



શ્રી જયંતી દલાલ શતાબ્દી વંદના : રાષ્ટ્રીય પરિસંવાદ : સૌજન્ય દિલ્હી સાહિત્ય અકાદમી
વિશેષ ઉપસ્થિતિ : ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક શ્રી રઘુવીર ચૌધરી અને અન્ય મહાનુભાવો



શ્રી સુન્દરમ્ શતાબ્દી વંદના - રાષ્ટ્રીય પરિસંવાદ : સૌજન્ય ગુજરાત સાહિત્ય અકાદમી
વિશેષ ઉપસ્થિતિ : શ્રી સુધાબેન સુન્દરમ્, કવિશ્રી ચંદ્રકાંત શેઠ અને અન્ય મહાનુભાવો



વિદ્યાર્થી સજ્જતા શિબિર - ગુજરાતી વિભાગ વર્ષ ૨૦૧૮-૧૯
વિશેષ ઉપસ્થિતિ : સાહિત્યકાર શ્રી ડૉ. સતીષભાઈ વ્યાસ



ગુજરાતી ભાષા કૌશલ્ય કાર્યશાળા : ગુજરાતી વિભાગ વર્ષ ૨૦૧૯-૨૦
વિશેષ ઉપસ્થિતિ : શ્રી હર્ષદભાઈ શાહ (કુલપતિશ્રી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર)



વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા : વર્ષ ૨૦૧૬-૧૭
વિશેષ ઉપસ્થિતિ : સંશોધક શ્રી હસુભાઈ યાજ્ઞિક અને વિવેચક શ્રી શિરીષભાઈ પંચાલ



ગ્રંથાલય પરિચય : ગુજરાતી વિભાગ : વર્ષ ૨૦૧૯-૨૦
અધ્યક્ષશ્રી : ડૉ. સમીરભાઈ ભટ્ટ અને વિદ્યાર્થીઓ



શ્રી વિશાલ પરમાર : બી.એ. ગુજરાતી વિષયમાં સુવર્ણચંદ્રક વિજેતા
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ (વર્ષ ૨૦૦૭-૦૮)



શ્રી અભિષેક દરજી : બી. એ. ગુજરાતી વિષયમાં સુવર્ણચંદ્રક વિજેતા
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ (વર્ષ : ૨૦૦૮-૦૯)